PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@ge bmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૨/કવા–૦૩/૧૭–૧૮/ 10517 તા. 19-12-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ગાંડુભાઈ ડાયાભાઈ કપુરીયા,
ગામ : પીઠડીયા–૨,
પો. ધુતારપુર –
વાયા– જામ વંથલી
તા. કાલાવડ – જી: જામનગર
મો: ૯૯૭૯૪ ૬૭૮૦૩

**વિષય :–જોડાણ ની પેટા વિભાગીય કચેરી ફેરવવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૦–૧૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૨/કવા–૦૩/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કાલાવડ (ઈસ્ટ)

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૪૨/કવા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૨–૧૨–૧૭ સ્થળ : જામનગર

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ગાંડુભાઈ ડાયાભાઈ કપુરીયા, ગામ: પીઠડીયા–૨

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે શ્રી બ્રીજેશભાઈ ગાંડુભાઈ કપુરીયા હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કાલાવડ (ઈસ્ટ) (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર )

રજુઆત કરનાર :એન.પી.શાહ – કાર્યપાલક ઈજનેર શ્રી – ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર

## : હુકમ :

ફરીયાદ : જોડાણ ની પેટા વિભાગીય કચેરી ફેરવવા બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રુબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ ગામ:પીઠડીયા–૨ ખાતે ખેતીવાડી વીજજોડાણ નં.: ૬૧૦૪૩/૦૧૫૬૭/૧ થી ધરાવે છે. તેઓનુ ખેતીવાડી વીજજોડાણ કાલાવડ (ઈ) પેટા વિભાગીય કચેરી માથી નીકાવા પેટા વિભાગીય કચેરી મા – તેઓને જાણકારી આપ્યા વગર ફેરવી દીધેલ છે. તેઓની આજુબાજુ ના જોડાણો – કાલાવડ (ઈ) પેટા વિભાગીય કચેરી મા આવેલા છે. તેઓનુ એક નુ જ જોડાણ નીકાવા પેટા વિભાગીય કચેરી મા આપેલ છે. છેલ્લા ૦૩ વર્ષ થી તેઓને સદર ખેતીવાડી વીજજોડાણ નુ વીજબીલ મળેલ નથી. તેઓના સદર જોડાણ ની લાઈટ જતી રહે તો કાલાવડ (ઈ) પેટા વિભાગીય કચેરી અને નીકાવા પેટા વિભાગીય કચેરી મા કોઈ ફરીયાદ સાંભળતુ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, ગ્રાહક શ્રી ગાંડુભાઈ ડાયાભાઈ કપુરીયા ના ખેતીવાડી વીજજોડાણ નં.: ૬૧૦૪૩/૦૧૫૬૭/૧ – ગામ:પીઠડીયા–૨ ખાતે આવેલ હોય – જે હાલ નિકાવા પેટા વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે. સદર ગામ:પીઠડીયા–૨ ના વીજ ગ્રાહક નુ બીલીંગ કાલાવડ (ઈ) પેટા વિભાગીય કચેરી માથી થાય છે. કાલાવડ (ઈ) અને કાલાવડ (વે) પેટા વિભાગીય કચેરી નુ વિભાજન તા.૦૧–૦૪–૧૫ થી થતા નવુ નિકાવા પેટા વિભાગીય કચેરી અસ્તીત્વ મા આવેલ છે. જે મુજબ – સદર ગ્રાહક ની આજુબાજુ વાળા ગ્રાહકો પણ કાલાવડ (ઈ) પેટા વિભાગીય કચેરી હેઠળ વીજ જોડાણ ધરાવે છે. જે તે સમયે – પેટા વિભાગીય કચેરી ના વિભાજન વખતે કોઈ કારણોસર સદર ગ્રાહક નુ વીજ જોડાણ – નિકાવા પેટા વિભાગીય કચેરી માં આવરી લેવાયેલ છે. સદર ગ્રાહક ની ફરીયાદ મુજબ – સદર વીજ જોડાણ નિકાવા પેટા વિભાગીય કચેરી માથી કાલાવડ (ઈ) પેટા વિભાગીય કચેરી મા ફેરવવા માટે – કાલાવડ (ઈ) પેટા વિભાગીય કચેરી દ્રારા ટીકીટ નંબર: પીજી – ૨૨૬૨૫૬ મુકેલ છે. જેની મંજુરી મળ્યે સદર ગ્રાહક ના ખેતીવાડી વીજજોડાણ ની પેટા વિભાગીય કચેરી – કાલાવડ (ઈ) પેટા વિભાગીય કચેરી મા બદલી માટે ની કાર્યવાહી કરવામા આવશે. તે મુજબ અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | અરજદાર ની મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે જણાવ્યા મુજબ – અરજદાર શ્રી દ્વારા પોતાનુ ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં.–૬૧૦૪૩/૦૧૫૬૭/૧ – ને નિકાવા પેટા વિભાગીય કચેરી માથી કાલાવડ (ઈ) પેટા વિભાગીય કચેરી મા ફેરવવા માટે – અરજદાર શ્રી દ્વારા છેલ્લા ૦૨ વર્ષ થી સબંધક કચેરી ને વારંવાર જાણકારી આપવા છતા – અને અરજદાર ની અરજી તા.૩૦–૦૮–૧૭ ના રોજ થી – નાયબ ઈજનેર પેટા વિભાગીય કચેરી કાલાવડ (ઈ) ને ફરીયાદ રજુઆત કરેલ. તેમ છતા, પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા કોઈ કાર્યવાહી ન કરાતા – સદર અરજદાર શ્રી ને વીજબીલ – છેલ્લા ૦૩ વર્ષ થી સદર અરજદાર ને એક પણ વીજબીલ મળેલ નથી. તેમજ, વીજ ફોલ્ટ રીપેરીંગ બાબતે – પેટા વિભાગીય કચેરી મા કોઈ ફરીયાદ સાંભળવા તૈયાર થતુ નથી. જે ખૂબજ ગંભીર બાબત હોય – સદર બાબતે – યોગ્ય તપાસ કરી તાત્કાલીક અસર થી સદર ફરીયાદી અરજદાર શ્રી નુ – ખેતીવાડી વીજજોડાણ – નિકાવા – પેટા વિભાગીય કચેરી માથી કાલાવડ (ઈ) પેટા વિભાગીય કચેરી મા ફેરવવા માટે – દિવસ –૧૦ મા – જરૂરી કાર્યવાહી કરવી. તે મુજબ નો – પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અન્વયે – યોગ્ય તપાસ કરી કસુરવાર સામે – કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવા અને તાત્કાલીક અસર થી સદર ફરીયાદી અરજદાર શ્રી નુ – ખેતીવાડી વીજજોડાણ – નિકાવા – પેટા વિભાગીય કચેરી માથી કાલાવડ (ઈ) પેટા વિભાગીય કચેરી મા ફેરવવા માટે ની કાર્યવાહી– અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા પૂર્ણ કરવા બાબતે નો – પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.